# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) **રાજ્ય સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના વિધેયકને સમર્થન આપ્યું.**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વાણિજ્યિક અને PNG ગેસની ઉપલબ્ધતા તથા નવા જોડાણની સ્થિતિની સમીક્ષા કરી.**
3) **હવેથી વતન પ્રેમ યોજના અંતર્ગત 20થી વધુ પ્રકારના જનહિત અને વિકાસલક્ષી કામો હાથ ધરી શકાશે.**
4) **હવે સિરામિક ઉદ્યોગોને પણ પાઈપલાઈન ગેસ જોડાણ આપવામાં આવશે.**
5) **આગામી સાત દિવસ રાજ્યના લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા.**

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# JPC GUJARAT

રાજ્ય સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના વિધેયકને સમર્થન આપ્યું. એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેની સંયુક્ત સંસદીય સમિતિએ આજે બીજા દિવસે ગાંધીનગરમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા કરી. આ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે સમિતિ સમક્ષ એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના ફાયદાઓ સમજાવતું વિગતવાર પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું.

( BYTE : HARSH SANGHAVI, DY. CM )

આ દરમિયાન કોંગ્રસ સહિતના રાજકીય પક્ષોએ એક રાષ્ટ્ર એક ચૂંટણીનો વિરોધ કરીને પ્રતિભાવો સમિતિ સમક્ષ રજૂ કર્યા.

# CM CABINET PNG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વાણિજ્યિક અને PNG ગેસની ઉપલબ્ધતા તથા નવા જોડાણની સ્થિતિની સમીક્ષા કરી. મંત્રીમંડળની બેઠક અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, માત્ર અઢી મહિનામાં 40 હજાર ઘરોમાં નવા D-PNG ગેસ કનેક્શન અને 13 હજાર પુનઃ જોડાણ અપાયા છે. તેમણે કહ્યું કે, ગુજરાત એનર્જી લિમિટેડ સહિત રાજ્યની તમામ સીટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓએ મળીને આશરે 85 હજાર D-PNG કનેક્શન અને 1100 વાણિજ્યિક જોડાણ પૂરા પાડ્યા છે.

(BYTE : JITU VAGHANI ON PETROL-DEISEL, MINISTER)

# CABINET VATAN PREM

ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે “વતન પ્રેમ યોજના”માં લોકભાગીદારી વધારવા નિયમોમાં સુધારા કરાયા છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી હવેથી વતન પ્રેમ યોજના અંતર્ગત 20થી વધુ પ્રકારના જનહિત અને વિકાસલક્ષી કામો હાથ ધરી શકાશે. વિકાસના કામોને બે શ્રેણી 'A' અને 'B'માં વિભાજીત કરાયા છે. જેમાં સરકાર વિકાસ કામોમાં 20 થી 60 ટકા સુધીનો ફાળો આપશે. કામની મંજૂરી પ્રક્રિયાને ઝડપી બનાવવા જિલ્લા, ખાતાના વડા અને વિભાગ કક્ષાએ સમિતિઓને સત્તા સોંપાઈ છે.

# CABINET

હવે સિરામિક ઉદ્યોગોને પણ પાઈપલાઈન ગેસ જોડાણ આપવામાં આવશે. આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે મોરબીમાં સિરામિક દોઢ મહિનામાં કાર્યરત એકમોની સંખ્યા 83થી વધીને 670 થઈ છે. તેમણે ઉમેર્યું કે નવા PNG કનેક્શન મળવાથી મોરબીના સિરામિક ઉદ્યોગોને વેગ મળશે.

**( BYTE : JITU VAGHANI ON CERAMIC, MINISTER )**

# PANCHMAHAL GOVERNOR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કાલોલ તાલુકાના મલાવ ગામે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. આત્મા કચેરીના સહયોગથી આ પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા.

રાજ્યપાલશ્રીએ ખેડૂતોને જણાવ્યુ કે, રાસાયણિક ખાતરો અને દવાઓના ઉપયોગથી આપણી ધરતી માતા ઝેરી બની રહી છે. કેન્સર, હાર્ટ એટેક અને કિડની ફેલ થવા જેવા ગંભીર રોગોથી આવનારી પેઢીને બચાવવી હશે, તો પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. તેમણે વધુમાં કહ્યું કે, ગાય આધારિત ખેતી એ ધરતીના જળસ્તર સુધારવા, પશુ-પક્ષીઓને બચાવવા અને સ્વસ્થ જીવન જીવવાનો એકમાત્ર માર્ગ છે.

# DGP METRO

રાજ્ય પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવે આજે અમદાવાદ અને ગાંધીનગરને જોડતી મેટ્રો રેલ સેવાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરીને સમગ્ર રૂટ અને સ્ટેશન પરની સુરક્ષા વ્યવસ્થાની માહિતી મેળવી હતી. તેમણે સ્ટેશનો પર કેમેરાનું નેટવર્ક, મેટલ ડિટેક્ટર અને સુરક્ષા કર્મચારીઓની તહેનાતીનું અવલોકન કરી પ્રતિક્રિયા આપી.

( BYTE : DR. K. L. N. RAO, DGP )

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# SURENDRANAGAR PGVCL

સુરેન્દ્રનગર પોલીસ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ-PGVCL દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાયું. જેમાં શહેરના જૂદા જુદા વિસ્તારોમાં 125થી વધુ ઘર અને વખાર ચેક કરવામાં આવ્યા. આ દરમિયાન 84 ઘરમાંથી એક કરોડ 25 લાખ રૂપિયાથી વધુની વીજ ચોરી ઝડપાઈ. ચેકીંગ દરમિયાન 8 વોન્ટેડ આરોપીઓ પણ મળી આવ્યા હોવાનું ASP વેદિકા બિહાનીએ જણાવ્યું.

**( BYTE : VEDIKA BIHANI, ASP )**

# VALSAD GAANJO

વલસાડ જિલ્લા ધરમપુર બરૂમાળમાંથી માદક પદાર્થના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. એસ.ઓ.જી.ની ટીમ બરૂમાળ ગામે મહિલા દૂધ ઉત્પાદક મંડળી સામે ત્રણ રસ્તા પાસે શંકાસ્પદ વાહનોનું ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન મોટરસાયકલ પર જતો શખ્સ શંકાસ્પદ જણાતા તેની તપાસ કરવામાં આવી. આ દરમિયાન મોટરસાયકલના સ્ટેરીંગમાં છુપાવેલી થેલીમાંથી 472 ગ્રામ માદક પદાર્થ મળી આવ્યો. પોલીસે કુલ 53 હજારનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# MAHESANA BIODIESEL

મહેસાણા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા પર્યાવરણની સુરક્ષા અને સંસાધનોના પુનઃ ઉપયોગના હેતુથી 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવાની એક નવીન પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત લાંબા સમયથી પડી રહેલા અખાદ્ય તેલના જથ્થાનો સલામત અને યોગ્ય નિકાલ કરવા માટે તેને રિસાઈકલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેનાથી અંદાજે 45 હજારની આવક થઈ છે અને કુલ એક હજાર 801 કિલો અખાદ્ય તેલના જથ્થામાંથી બાયોડીઝલ બનાવાશે જેનો ઉપયોગ ફ્યુઅલ (બળતણ) તરીકે થઈ શકશે.

# WAQF -"UMMEED PORTAL"

ગુજરાત રાજ્ય વકફ બોર્ડે રાજયભરના તમામ નોંધાયેલા વકફો, મુતવલ્લીઓ, ટ્રસ્ટીઓ, વકફ હિતધારકો તેમજ સમાજના આગેવાનોને "ઉમ્મીદ (UMEED) પોર્ટલ" પર નોંધણી પ્રક્રિયા 26 મે, 2026 સુધીમાં પૂર્ણ કરવાની અપીલ કરી છે. વકફ સંપત્તિઓની પારદર્શિતા, જવાબદારી, કાયદેસર સંરક્ષણ અને સુવ્યવસ્થિત ડિજિટલ સંચાલન સુનિશ્ચિત કરવા “ઉમ્મીદ પોર્ટલ" અમલમાં મૂકવામાં આવ્યું છે. આ અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, “ઉમ્મીદ પોર્ટલ" માત્ર એક ઓનલાઇન નોંધણી પ્રક્રિયા નથી, પરંતુ વકફ સંપત્તિઓના ભવિષ્યને સુરક્ષિત અને વ્યવસ્થિત બનાવવાનું એક મહત્વપૂર્ણ પગલું છે.

આ ઉપરાંત “ઉમ્મીદ એક્ટ-2025" અંતર્ગત નોંધણી માટે આપવામાં આવેલી સમયમર્યાદા અંતિમ છે અને હવે કોઈપણ પ્રકારની વધારાની મુદ્દત લંબાવવામાં આવશે નહિ.

# WEATHER

આગામી સાત દિવસ રાજ્યના લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસમાં તાપમાનમાં 1 થી 2 ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો જોવા મળી શકે છે. આ સિવાય તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગના નિયામક ડો એ. કે. દાસે જણાવ્યું.

( BYTE : A K DAS, IMD DIRECTOR )

# KUTCH “KALAVITHI 2026”

કચ્છ મ્યૂઝિયમ ખાતે  ત્રિ-દિવસીય કલા, સંસ્કૃતિ અને વારસા ઉત્સવ “કલાવીથિ 2026” યોજાઇ ગયો. ત્રણ દિવસ ચાલેલા આ મહોત્સવે કલાપ્રેમીઓ અને વિદ્યાર્થીઓને કચ્છના વારસાથી પરિચિત કરાવ્યા હતા.

“આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ” અંતર્ગત વિશેષ સત્ર યોજાયું ,સાથે જ લાઈવ પ્રિન્ટમેકિંગ વર્કશોપ અને ડેમોન્સ્ટ્રેશન મુલાકાતીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

ત્રણેય દિવસ સુધી ભાગ લેનાર તમામ સહભાગીઓ અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.